# કોરોનાના કાળમાં વાયબ્રન્ટ ગુજરાત સમિટ નહીં યોજાય

**મુખ્યમંત્રી વિજય રૂપાણીની સત્તાવાર જાહેરાત : ૨૦૦૩માં વાઇબ્રન્ટ સમિટની સત્તાવાર શરૂઆત કરવામાં આવી હતી, જેમાં મોદીએ વિકાસનું સૂત્ર વહેતું મૂક્યું હતું**

ગાંધીનગર,તા.૨૮

વાઈબ્રન્ટ સમિટની સત્તાવાર શરૂઆત વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી હતી. વાયબ્રન્ટ ગુજરાતમાં અનેક દેશોના ડેલિગેટ્સ અને હજારો કંપનીઓએ નોંધણી કરાવે છે. બાદમાં તેઓ ગુજરાતમાં મોટી સંખ્યમાં રોકાણ કરે છે. પરંતુ આ વર્ષે વાયબ્રન્ટ ગુજરાત નહી યોજાય. વાયબ્રન્ટ ગુજરાત સમિટ મુદ્દે સમાચાર આવ્યા છે કે, આ વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ નહીં યોજાય. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું છે કે, આ વર્ષે વાયબ્રન્ટ ગુજરાત સમિટ યોજાશે નહી. ગુજરાતમાં ઉદ્યોગ જગત અને રાજકારણ વચ્ચેના તાલમેલ તરીકે સમિટની ગણના નિષ્ણાતો કરતા આવ્યા છે.

ગુજરાતના ઉદ્યોગ જગતને એક મંચ પર લાવવા માટેનું મહત્વપૂર્ણ માધ્યમ માનવામાં આવતા સમિટની કથિત સફળતાઓ મામલે વિવિધ સવાલો પણ ઊઠતા આવ્યા છે પરંતુ આ વર્ષે કોરોના મહામારીના કારણે વાયબ્રન્ટ ગુજરાત નહી યોજાય તેવી સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. નોંધનિય છે કે, વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ સમિટની સત્તાવાર શરૂઆત કરવામાં આવી હતી, જેમાં નરેન્દ્ર મોદીએ 'વિકાસ'નું સૂત્ર વહેતું મુકવામાં આવ્યું હતું.

# શહેરમાં ગુલાબી ઠંડીનો ચમકારો

**સમગ્ર રાજ્યમાં સૌથી ઓછુ તાપમાન ગાંધીનગરમાં ૧૫.૮ ડિ.સે. નોંધાયુ : ક્રમશઃ ઠંડી વધશે**

ગાંધીનગર, તા. ૨૮

નવેમ્બર મહિનો નજીક આવતા જ ધીમે ધીમે ઠંડીનો ચમકારો વધવા માંડ્યો છે. એસી-પંખાની સ્પીડ ઘટવા માંડી છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૫.૮ ડિ.સે. નોંધાતા ગુલાબી ઠંડીનો અહેસાસ વસાહતીઓએ કર્યો છે.

ઓકટોબર મહિનાના પ્રારંભે અનુભવાયેલ બફારો અને ગરમી હવે જાણે ગાયબ થઈ ગયા છે. છેલ્લા એક અઠવાડિયાથી વાતાવરણમાં ધીમે ધીમે પલ્ટો આવી રહ્યો છે. પવનની દિશા બદલાતા ગરમી ઓછી થઈ ગઈ છે અને ઠંડી વધવા માંડી છે. વહેલી સવારે અને મોડી સાંજે ઠંડી અનુભવાય છે. ઠંડીની મોસમ શરૂ થઈ ગઈ હોય તેવુ વાતાવરણ સર્જાતુ જાય છે. સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ફેરફાર થતો જાય છે. દિવસ મોડો ઉગે છે અને સાંજ વહેલી પડવા માંડી છે. દિવસ ટૂંકો થઈ રહ્યો છે. વહેલી સવારે ઘરની બહાર નીકળો તો સારી એવી ઠંડી અનુભવાય છે. રાત્રે પણ કંઈક ઓઢવાની જરૂર પડે છે. દ્વિચક્રી વાહન પર નીકળતા સમયે ઠંડી વધુ અનુભવાય છે. નવેમ્બર મહિનો જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. દિવસે હજુ થોડોક તડકો આકરો લાગે છે પરંતુ એકાદ અઠવાડિયા પછી તે પણ કુણો લાગવા મંડશે. સાવ નાના ભુલકાંઓને તો ટોપી-મોજા પહેરાવી ઠંડીથી રક્ષણ આપવુ પડે



છે.

ગાંધીનગર શહેરમાં ગ્રીનરી વધુ હોવાથી અહી ઠંડીનો ચમકારો વધુ અનુભવાય છે. ગુજરાતમાં સૌથી ઓછુ તાપમાન ગાંધીનગર શહેરમાં ૧૫.૮ ડિ.સે. નોંધાતા વસાહતીઓ ગુલાબી ઠંડીનો સારો એવો અનુભવ કરી રહ્યા છે.

# આજથી શાળાઓમાં ૨૧ દિવસનુ દિવાળી વેકેશન

**કોરોના કાળમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ છે ત્યારે શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફને દિવાળી વેકેશન મળશે : વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણમાં પણ રજા રહેશે : લાભ પાંચમથી શિક્ષણ શરૂ થશે**

ગાંધીનગર તા ૨૮

કોરોના કાળમાં છેલ્લા આઠ મહીનાથી શાળા કોલેજો બંધ છે. અલબત્ત વિદ્યાર્થીઓ માટે શાળા ખુલ્લી નથી પ્રત્યક્ષ શિક્ષણ પ્રથા બંધ છે. બધી શાળાઓ ઓનલાઈન શિક્ષણ આપી રહી છે. જેના લીધે ઓનલાઈન શિક્ષણનો ટ્રેન્ડ પણ મજબુત બન્યો છે. કોરોનાના કહેર વચ્ચે આજથી શાળાઓમાં ૨૧ દિવસનુ દિવાળી વેકેશન શરૂ થશે.

કોરોનાના કહેર વચ્ચે છેલ્લા આઠ મહીનાથી શાળા કોલેજો બંધ છે. શાળાઓમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનો નવો ટ્રેન્ડ અમલી બન્યો છે. જયારે હવે વિદ્યાર્થીઓ મહદઅંશે ઓનલાઈન શિક્ષણ પ્રથાથી ટેવાઈ ગયા છે. જો કે કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે હજુ શાળાઓ ક્યારથી શરૂ કરવી તે અંગે કોઈ નિર્ણય લેવાયો નથી જયારે શૈક્ષણિક સત્રના પ્રારંભથી જ શાળાઓ બંધ છે. શાળાઓમાં આમ પણ વિદ્યાર્થીઓ આવી શકતા નથી બીજીતરફ શિક્ષણ બોર્ડ દ્વારા ૨૧ દિવસના દિવાળી વેકેશનની પણ જાહેરાત કરી દેવામાં આવી છે. જેથી તા ૨૯ ઓકટોબરથી ૨૧ દિવસ સુધી શાળાઓમાં દિવાળી વેકેશન રહેશે. આમ પણ કોરોના કાળમાં લાંબા સમયથી શાળા કોલેજોમાં સુનકાર છવાયેલો છે. ત્યારે દિવાળી વેકેશનના લીધે કોઈ વિશેષ ફેર પડવાનો નથી ઓનલાઈન શિક્ષણની કામગીરી પણ બંધ રહેશે. દિવાળી વેકેશનની જાહેરાતના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો થયો છે. જયારે શિક્ષકોને પણ વેકેશનનો લાભ મળશે.

કોરોના કાળમાં શિક્ષણતંત્રનુ કેલેન્ડર બદલાઈ ગયુ છે. અલબત્ત બોર્ડ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો છે. આ ઉપરાંત અભ્યાસક્રમ પણ ઘટાડી દેવાયો છે. જો કે કોરોનાના કહેર વચ્ચે આ વર્ષે દિવાળી વેકેશન વિદ્યાર્થીઓને બહાર ફરવા જવા નહીં મળે ત્યારે દિવાળી વેકેશન ઘરમાં જ પારિવારિક માહોલમાં પસાર કરવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ સજ્જ બન્યા છે. દિવાળીના તહેવારો નજીક આવતા જાય છે તેમ ધીમે ધીમે શહેરના શોપિંગ બજારમાં પણ ચહલ પહલ વધી રહી છે.

# શહેરમાં વધુ ૨૦ કેસ : ૧૮૧૯ કેસ થયા

**આજે સે. ૪ માંથી ૩, સે. ૨૬ માંથી ૨ અને સે. ૧૩ માંથી ૨ કેસ મળવા ઉપરાંત સે. ૧૨, ૨૨, ૧૬, ૬, ૧૪, ૨, ૨૯, ૫, ૨૭, ૨૮, સે. ૩-એ-ન્યુ, ૩૦ અને ૧ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૦ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૮૧૯ થઈ છે.

શહેરમાં કોરોનાએ પુનઃ વિકરાળ રૂપ ધારણ કર્યુ છે. છેલ્લા બે દિવસથી કોરોનાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. આજે લગભગ તમામ સેકટરોમાંથી કોરોનાના કેસો મળી આવ્યા છે. શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

આજે સે. ૪ માંથી ૩, સે. ૨૬ માંથી ૨ અને સે. ૧૩ માંથી ૨ કેસ મળવા ઉપરાંત સે. ૧૨, ૨૨, ૧૬, ૬, ૧૪, ૨, ૨૯, ૫, ૨૭, ૨૮, સે. ૩-એ-ન્યુ, ૩૦ અને ૧ માંથી કેસો મળી આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાંથી પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે ૮ મહિલાઓ સંક્રમિત થતાં તંત્રની ચિંતા વધી છે. મોટી ઉંમરના લોકો પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રએ મોટી ઉંમરના લોકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે.

સે. ૪ માં આજે ૩ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આજે સે. ૪ માં રહેતા અને નાયબ હિસાબનીશ તરીકે ફરજો બજાવતા ૪૬ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૪ માંથી જ એક નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગમાં પ્રોટોકોલ શાખામાં નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા ૫૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૨ માંથી ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## પૂર્વ ડે. મેયર અને કાઉન્સીલર કાર્તિક પટેલ કોરોના પોઝીટીવ થયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મનપાના પૂર્વ ડેપ્યુટી મેયર અને હાલ સિનીયર કાઉન્સીલર કાર્તિક પટેલનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભાજપના ત્રીજા કાઉન્સીલર કોરોનાથી સંક્રમિત થયા છે.

શહેરમાં અત્યાર સુધીમાં પાંચ કાઉન્સીલરો કોરોનાની ઝપટમાં આવી ગયા છે. હાલ ૩ કાઉન્સીલરો સારવાર હેઠળ છે. જેમાં ભાજપના નીતિન પટેલ, કાર્તિક પટેલ અને કોંગ્રેસના અંકિત બારોટનો સમાવેશ થાય છે. આ ત્રણેય કાઉન્સીલરોએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા અને કોંગીના ઉર્મિલાબેન વર્મા કોરોનામુક્ત થઈ ગયા છે.

શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા સતત વધી રહી છે. શહેરમાં ૨૬ હજારથી વધુ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે.

કાર્તિક પટેલે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ ગઈકાલે કરાવ્યો હતો અને આજે બપોરે તેઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કાર્તિક પટેલ સે. ૭ માં રહે છે અને તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માં કોરોનાના કેસોની સંખ્યા પણ વધુ છે જે નોંધનીય છે.

## જાહેર ચેતવણી



આથી અમો નિતુલ હસમુખભાઈ પટેલ, રહે. અમદાવાદના તે જાહેર જનતા તથા લાગતાં વળગતાને આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે...

ઉપરોક્ત ફોટો મારી પત્ની નામે **દર્શનાબેન તે સુશીલાબેન તે ભઈજીભાઈ પટેલ જે વલાદ, તા.જી. ગાંધીનગરના વતનીની દિકરી તે સોમાભાઈ પટેલની પત્ની છે તેઓની દિકરીનો છે. જે સુશીલાબેન** હાલ રહે. ૨/બી, રાજગીર ભવન, અંદેરી મ્યુનિ. કોર્પોરેશન ઓફીસ સામે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ (ન્યુ અંધેરી ગ્લાસવેર માર્ટ વાળા) આવેલ છે.

ઉપરોક્ત દર્શનાબેન નામવાળી વ્યક્તિ અમારી પત્ની આવેલ છે. જેઓ **તેઓની માતા સુશીલાબેન પટેલની ચઢવણી તેમજ કાનભંભેરણીથી અવાર-નવાર ઉપરોક્ત જણાવેલ તેઓના સરનામે ઘર છોડીને જતાં રહે છે.**

૧... આ **દર્શનાબેનના અગાઉ સને-૨૦૧૬ની સાલમાં પણ આ સુશીલાબેન પટેલની ચઢવણીથી** અમારો તથા અમારા બાળકોનો ત્યાગ કરી ઉપરોક્ત મુંબઈ મુકામે જતાં રહેતાં અમોએ તા. ૧૧-૧૧-૨૦૧૬ના રોજ એક જાહેર ચેતવણી પણ આપી હતી અને તેઓને તેડી લાવવા સારું અમોએ અમદાવાદના ફેમીલી કોર્ટ સમક્ષ, **એચ.એમ.પી. નં. ૨૦૦૬/૨૦૧૬નો દાવો** પણ કરેલો હતો.

૨... ઉપરોક્ત સને-૨૦૧૬માં કરેલ દાવો તેમજ ન્યુઝ પેપરમાં આપેલ જાહેર ચેતવણીના પગલે એક **સમજુતીનો કરાર ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ કરી આપી જેમાં સુશીલાબેન સોમાભાઈ પટેલ તથા અન્યોએ બાંહેધરી તેમજ જવાબદારી લઈ રૂ. ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ્ડ કરી દર્શનાબેનને અમારે ઘરે પરત મુકીને ગયેલ હતાં.**

૩... પરંતુ તા. ૭-૭-૨૦૨૦ના રોજ દર્શનાબેને બપોરના આશરે ૧-૦૦ વાગ્યાના સુમારે હું મારી સ્વેચ્છાએ જઉં છું તેવી સુચના અમારી સામે સુશીલાબેન ટેલીફોનીક વાતચીત દ્વારા કરી અને અમારું ઘર તેમજ બાળકોનો ત્યાગ કરી જતાં રહેલાં છે.

૪... ઉપરોક્ત વિષય અંગે અમોએ તેઓને પરત લાવવાં સારું તા. ૧૦-૭-૨૦૨૦, તા. ૬-૧૦-૨૦૨૦ જુદી જુદી સંસ્થાઓમાં તથા પોલીસ સ્ટેશનોમાં જાણ કરી હતી. જેમાં અમારા બાળકોનો સંમત્તિ પત્ર પણ સામેલ છે. આ તમામ હકિકતોની જાણ **દર્શનાબેન તેમજ સુશીલાબેનને થતાં તેઓની શોધખોળ કરવાં છતાં મળી આવતાં નથી.** જેથી અમોએ આ દર્શનાબેન દ્વારા આપવામાં આવી રહેલ **માનસીક ત્રાસ તેમજ અમાનુષીભર્યા ક્રુર વર્તનના** કારણે ના છુટકે અને ના ઈલાજે **અમદાવાદ ફેમીલી કોર્ટ સમક્ષ, છુટાછેડા યાને લગ્નવિચ્છેદ અંગેનો દાવો નં. ૧૩૮૮/૨૦૨૦નો ફેમીલી કોર્ટ નં. ૧ સમક્ષ મુકેલો જેની મુદત તા. ૨૭-૧-૨૦૨૧ની આવેલી છે.**

૫... આમ ઉપરોક્ત અરજીઓ તથા કોર્ટ કેસોની જાણ **દર્શનાબેન તથા સુશીલાબેનને થતાં તેઓ હાલમાં કોઈ અજ્ઞાત જગ્યાએ ચાલ્યા ગયા છે** અને તેઓની શોધખોળ તેમજ તપાસ કરવા છતાં ક્યાંયથી મળી આવતાં નથી. જેથી અમોને પાકી શંકા અને દહેશત આવેલી છે કે, **આ સુશીલાબેન તેઓના સ્વાર્થ ખાતર દર્શનાબેનને કોઈ અન્ય વ્યક્તિ સાથે લગ્ન કરાવવાની પેરવીઓ કરી રહેલાં હતાં.** જેથી અમારું જાહેર જનતા તેમજ લાગતાં - વળગતાઓને આ જાહેર ચેતવણી આપી જણવવાનું કે, અમોએ આ દર્શનાબેન સામે છુટાછેડા મેળવવા અંગેનો દાવો કરેલો છે જે હાલમાં પેન્ડીંગ આવેલો છે. જેથી સદર **દર્શનાબેનને આ સુશીલાબેનના તેઓની મલીનઈરાદા સાથે લઈ ગયેલ હોઈ તેઓની કોઈપણ ખોટી વાતોમાં આવી કોઈપણ પ્રકારનું ગેરકાનુની કૃત્ય કરશે કરાવશે તો** તેની સામે અમો કાયદેસરની રાહે ઘટતી કાનુની કાર્યવાહી કરીશું તેની ગંભીર નોંધ લેશોજી.

**તા. ૨૮-૧૦-૨૦૨૦** **સહી/-**

**અમદાવાદ** **મારી સુચના અને ફરમાઈશથી**

**નિતુલ એચ. પટેલ**

**મારી મારફતે**
**સી. એમ. વ્યાસ/પી. કે. પારેખ**
**એડવોકેટ્સ**
ઠે. ૨૦૧-૨૦૪, બીજો માળ,
મહાકાન્ત બિલ્ડીંગ, વી.એસ. હોસ્પિટલ સામે,
આશ્રમ રોડ, અમદાવાદ.
**મો. ૯૩૨૭૦૫૧૩૭૭**

## શહેરમાં લાકડાની હરાજી દ્વારા વનતંત્રને ૯.૫૬ લાખની આવક

**સેકટરોમાં જોખમી વૃક્ષોની કટોતીના અંતે ૮૦૦ ક્વિન્ટલ લાકડાની હરાજી કરાઇ : ૧૫૬ અરજદારોએ ભાગ લીધો**

ગાંધીનગર તા ૨૮

શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો આસપાસ હરિયાળા વૃક્ષોની વનરાજી જોવા મળે છે. જયારે વૃક્ષોની વનરાજી વચ્ચે નમી પડેલા સુકા અને ભયજનક વૃક્ષો પણ વધુ છે. ત્યારે વનતંત્ર દ્વારા સમયાંતરે ભયજનક વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. આ ઉપરાંત સેકટરોમાં પણ નાગરિકોની ફરિયાદના આધારે નડતરરૂપ વૃક્ષો કાપવામાં આવે છે. વનતંત્ર દ્વારા આ વૃક્ષોના લાકડાની હરાજી કરવામાં આવે છે. વનતંત્રએ સે-૩૦ ડેપોમાં હાથ ધરેલી હરાજીની પ્રક્રીયાના અંતે ૮૦૦ ક્વિન્ટલ લાકડાનુ વેચાણ કરી રૂ ૯.૫૬ લાખની આવક કરી છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે નવા રોપાઓની વાવણી માટે પ્રતિવર્ષ ઉનાળાની ગરમીના દિવસો દરમિયાન જ ખાડા ખોદવામાં આવે છે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં ૧૯ કેસ નોંધાયા

**જિલ્લામાં ૮ મહિલા દર્દીઓ નોંધાયા : માણસા તાલુકામાં કોરોના વકર્યો : ૧૧ કેસ માણસા તાલુકામાં નોંધાયા : ગાંધીનગરમાં ૪, કલોલ-દહેગામમાં ૨-૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૯ કેસ નોંધાયા છે. આજે પણ ગ્રામ્ય વિસ્તારમાં ૮ મહિલાઓ સંક્રમિત થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે. આજે માણસા તાલુકામાં ૧૧ કેસ નોંધાયા છે. માણસામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને પગલે તંત્રની ચિંતા વધી છે. ગોવિંદપુરા ગામેથી આજે વધુ સાત કેસ મળી આવ્યા છે.

ગાંધીનગરમાંથી ૪, દહેગામમાંથી ૨, કલોલમાંથી ૨ અને માણસામાંથી ૧૧ કેસ મળી આવ્યા છે. મોટી વય ધરાવતા દર્દીઓની વધતી જતી સંખ્યાને લઈ પણ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગરના અડાલજ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. બન્ને મહિલા દર્દી છે. અડાલજમાંથી ૬૫ વર્ષીય મહિલા અને ૭૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને મહિલા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ખોરજ ગામેથી ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત આજ ગામેથી ૩૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામના ધનિયોલ ગામેથી ૪૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત હાલીસા ગામેથી ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ તાલુકામંથી આજે બે કેસ મળી આવ્યા છે. રકનપુર ગામેથી ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામીણ વિસ્તારોના સર્કલો પર ખાસ ટેસ્ટીંગ કેમ્પ સાઈટ બનાવો

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલા કોરોના સંક્રમણને લઈ ભાજપના પંચાયતના સદસ્ય જયેશ ચૌધરીએ ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટે પત્ર લખીને માંગ કરી છે. જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાનને લખેલા પત્રમાં ચૌધરીએ જિલ્લાના મોટા ગામો મુખ્ય માર્ગ ખાતેના સર્કલો પર ટેસ્ટીંગ જાહેરાત કરીને કેમ્પસાઈટ બનાવવામાં આવે તેવી માંગ કરી છે. તેમણે આ કેમ્પ સાઈટ કરવાથી ગ્રામીણ વિસ્તારમાં બહારથી આવતા લોકોનુ પણ ટેસ્ટીંગ થશે અને સંક્રમણ થતુ અટકશે.

તેમણે જિલ્લામાં હાલ કોવિડ-૧૯ની સ્થિતિને નિયંત્રણમાં લેવા તંત્ર જે મહેનત કરી રહેલ છે તેને બિરદાવી છે. પરંતુ ગ્રામીણ વિસ્તારમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ ટેસ્ટીંગ વધારવામાં આવે તેવી માંગ કરી છે. જિલ્લામાં ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં ખાસ કેમ્પ કરવામાં આવે તેવો પણ આગ્રહ તેમણે તેમના પત્રમાં કર્યો છે.

Gandhinagar Charitable Trust
Samarapn Education & Research Campus
Samarapn Circle, Kh-7, Gandhinagar Contact No. 9409274076

સમર્પણ એજ્યુકેશન & રીસર્ચ કેમ્પસ ખાતે આવેલ શૈક્ષણિક સંસ્થાઓ માટે નીચે મુજબની જગ્યા માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | લાયકાત | અનુભવ |
| --- | --- | --- |
| શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા | શારીરિક શિક્ષણના વિષયમાં 55% સાથે પાસ તેમજ NCC નું 'C' સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ. ઉંમર 30 વર્ષથી ઓછી હોવી જોઈએ. | શૈક્ષણિક સંસ્થાઓમાં રમત-ગમતની પ્રવૃત્તિ તેમજ NCC નો અનુભવ |
| ટેકનોલોજીસ્ટ | આઈ.ટી વિષય સાથે | શૈક્ષણિક સંસ્થાઓની વેબ-સાઈટ, ફેસ-બુક, વોટ્સએપ ગ્રુપ, ઈન્સ્ટ્રાગ્રામ વગેરે સોસીયલ મીડિયાના કામકાજનો અનુભવ |
| કલાર્ક | બી.કોમ. વિષય સાથે સ્નાતક | સ્કુલ / કોલેજો ના વહીવટી, એકાઉન્ટ તેમજ ડી.ઈ.ઓ અને કમિશ્નર કચેરીના કામકાજ સંભાળવાનો અનુભવ |

ઉપરની જગ્યા માટે રસ ધરાવતા ઉમેદવારોએ દિન - 10 માં રજીસ્ટ્રાર, સમર્પણ એજ્યુકેશન & રીસર્ચ કેમ્પસ, સમર્પણ સર્કલ, ખ - 7, ગાંધીનગર-28 ના નામે પોસ્ટ દ્વારા અથવા Email : registrar@samarpancampus.ac.in ઉપર પોતાનો બાયોડાટા મોકલી આપવાનો રહેશે.

તા; ૨૬/૧૦/૨૦૨૦ રજીસ્ટ્રાર
સ્થળ: ગાંધીનગર

૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

કપચી-ગ્રીટ મેટલ



વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત

BIRLA TMT STEEL
પ્રીમીયમ બ્રાન્ડ

હંમેશા એક કદમ આગે

UltraTech CEMENT
The Engineer's Choice

Steel Tiger Award Winner
Build the Trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)
૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫
ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com